# આદિવાસી સંશોધન–વ-તાલીમ કેન્દ્ર, આ.કૃ.યુ, દેવગઢ બારીઆ દ્વારા શિયાળું પાકોની ખેતી પધ્ધતી અને સંકલિત રોગ અને જીવાત વ્યવસ્થાપન વિષય ઉપર તાલીમ વર્ગ યોજાયો

---

આદિવાસી સંશોધન–વ-તાલીમ કેન્દ્ર, આ.કૃ.યુ, દેવગઢ બારીઆ દ્વારા આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર યોજના અંતર્ગત શિયાળું પાકોની ખેતી પધ્ધતી અને સંકલિત રોગ અને જીવાત નિયંત્રણ વિષય ઉપર તા. ૧૨-૧૨-૨૦૨૩ના રોજ તાલીમ વર્ગ યોજાયો. આ તાલીમવર્ગ ની શરૂઆત આણંદ કૃષિ યુનિવર્સિટીના પ્રેરણા ગીત થકી કરવામાં આવી.

આ એક દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ કેન્દ્રના વડા **ડૉ. વાય. બી. ચૌહાણ** દ્વારા શિયાળું પાકોમાં રોગ-જીવાત નિયંત્રણ, **ડૉ. સી. જે. પટેલ** દ્વારા શિયાળું પાકોની વૈજ્ઞાનિક ખેતી પદ્ધર્તિ અને સંકલિત ખાતર વ્યવસ્થાપન, **ડૉ. એચ. કે. દેસાઈ** દ્વારા પ્રાકૃતિક ખેતી પદ્ધર્તિ , **ડૉ. એ. વાય. માકાણી** દ્વારા શિયાળું પાકોની નવીન જાતોની સમજણ જેવા જુદાં જુદાં વિષયો ઉપર ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ . વધુમાં સ્ટ્રેન્ધનીંગ એડેપ્ટીવ રિસર્ચ ઇન ઓલ એગ્રો કલાઇમેટ ઝોન ઓફ એ.એ.યુ યોજના અંતર્ગત ઘઉંમાં નિદર્શન રૂપે પોસ્ટ ઇમરજન્સ તરીકે ભલામણ મુજબ દવા આપવામાં આવી. આ તાલીમ વર્ગમાં **રાઠવા મુવાડા** ગામ તાલુકો દેવગઢ બારિયાની **કુલ 30** મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો. સમગ્ર તાલીમ પ્રોગ્રામનું સંકલન **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા કરવામાં આવેલ.




TRIBAL RESEARCH CUM TRAINING CENTRE
TRIBAL FARM WOMEN TRAINING CENTRE
ANAND AGRICULTURAL UNIVERSITY


TRIBAL RESEARCH CUM TRAINING CENTRE




પ્રાકૃતિક કૃષિ મોડેલ


આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર
વનબંધુ કલ્યાણ યોજના, ગુજરાત સરકાર
આણંદ કૃષિ યુનિવર્સિટી